**–: સ્પે.દી.મુ. નં.૨૯૫/૦૫ના કામે આંક–૧ તળે હુકમ :–**

(૧) વાદીએ હાલનો દાવો પ્રતિવાદી વિરુધ્ધ ડેકલેરશન માટે દાખલ કરેલ હતો. ત્યારબાદ પ્રતિવાદીને ધોરણસર સમન્સ બજાવવામાં આવેલ હતો. ત્યારબાદ વાદીની આંક–૫ની અરજી રદૃ થયેલ હતી. ત્યારબાદ વાદીએ ફરીથી આંક–૧૧૭થી પ્રતિવાદીઓ વિરુધ્ધ કામચલાઉ મનાઈ અરજી તારીખ ૩૧/૦૧/૨૦૦૭ના રોજ રજું કરેલ હતી. ત્યારબાદ વાદી કે તેમના વકીલશ્રી અદાલતમાં સુનવણી માટે હાજર રહેલ ન હતા. તેથી વાદીને અદાલતમાં હાજર રહેવા નોટીસ કરવામાં આવેલ હતી. જે નોટીસ તળે બજવણી કરનાર બેલીફશ્રીએ કરેલ શેરા અનુસાર વાદી બતાવેલ સરનામે રહેતા નથી તેવા મુજબનો શેરો કરી વાદીને કરેલ નોટીસ આંક–૧૪૩થી પરત કરેલ હતી. આજરોજ વાદી કે તેના વકીલશ્રી હાજર નથી કે કોઈ વાદી તરફે કોઈ રીપોર્ટ કે રજુઆત નથી. તેવા સંજોગોમાં વાદી હાલનો દાવો આગળ ચલાવવા રસ ધરાવતા નથી તેવું સ્પષ્ટ ફલીત થાય છે. તેથી આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ રહેતો ન હોય તેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

**વાદીનો હાલનો દાવો તેઓની ગેરહાજરી અને દાવાની કાર્યવાહી આગળ ન ચલાવવાના કસુરને કારણે ફેંસલ(Dismiss for Default) કરવા હુકમ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.**

આ હુકમ આજરોજ વડોદરા મુકામે તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**(સમીર રતીલાલ સાંગાણી)**
**૨૪માં એડીશનલ સીનીયર સીવીલ જજ**
**વડોદરા**
**GJ01046**